**સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત, ખાનગી સોસાયટીમાં જનભાગીદારીથી રસ્તા, સ્ટ્રીટ લાઈટ, પાણીની પાઈપ લાઈન વગેરે કામો માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને વધુ 130 કરોડની ફાળવણી**

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત, ખાનગી સોસાયટીમાં જનભાગીદારીથી રસ્તા, સ્ટ્રીટ લાઈટ, પાણીની પાઈપ લાઈન વગેરે કામો માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને અગાઉ 200 કરોડ ફાળવવામાં આવેલ હતાં.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જનભાગીદારીથી સોસાયટીઓના કામો પૂર્ણ કરવા માટે વધુ દરખાસ્તો આવતાં, આ હેતુસર વધુ 130 કરોડની રાજ્ય સહાય મંજૂર કરવામાં આવી છે.

સૌનો સાથ, સૌનો વિકાસના સૂત્રને આગળ વધારવા માટે ખાનગી સોસાયટીઓની આવી જાગૃતતાને હું બિરદાવું છું. પાયાની સુવિધાના કામોથી ખાનગી સોસાયટીમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામો ઉભા થતાં સોસાયટીના રહીશો, પછાતવર્ગના લોકોની જનસુખાકારીમાં તેમજ આરોગ્ય ક્ષેત્રે ચોક્કસ ફાયદો થશે.

સૌનો સાથ... સૌનો વિકાસ... જય જય ગરવી ગુજરાત...